વધુ એક એક્ઝીટ પોલમાં એનડીએને સત્તા

નવી દિલ્હી, તા. ૧૫

આવતીકાલે જાહેર થનારા લોકસભા ચૂંટણી પૂર્વેના વધુ એક જાહેર થયેલા એક્ઝીટ પોલમાં અગાઉના તમામ એક્ઝીટ પોલની માફક ભાજપ નેતૃત્વનાં મોરચાને બહુમતી આપી દેવાઈ છે અને ભાજપને ૨૩૫ બેઠકોનો અંદાજ અપાયો. એનડીટીવી ચેનલે જાહેર કરેલા એક્ઝીટ પોલમાં કોંગ્રેસને તેના ઈતિહાસની સૌથી ઓછી ૭૯ બેઠકો જ મળશે તેવું જણાવાયું છે. તો આ પક્ષના નેતૃત્વનાં યુપીએને ૧૬૧ બેઠકો સુધી પહોંચતો દર્શાવાયો છે.

એનડીટીવી અને હંસા રીસર્ચ દ્વારા આ એક્ઝીટ પોલ કરાયો હતો જેમાં ભાજપને ૨૩૫ તેના સહયોગી પક્ષ શિવસેનાના ૧૫, તેલુગુદેશમ પક્ષને ૧૨ બેઠકો સાથે કુલ ૨૭૯ બેઠકોનો અંદાજ મુકાયો છે. યુપીએને ૧૦૩ બેઠકો સાથે કોંગ્રેસને ૭૯ અને રાજદને ૧૦ બેઠકો મળશે તેવું જણાવાયું છે. જ્યારે અન્ય પક્ષોને કુલ ૧૬૧ બેઠકો જેવા અન્નાડીએમકે ૩૨, તૃણમુલ કોંગ્રેસ ૩૦, ડાબેરી પક્ષો ૧૯, બીજુ જનતાદળને ૧૩, સમાજવાદી પક્ષને ૧૨, વાયએસઆર કોંગ્રેસને ૧૨, તેલંગણા રાષ્ટ્રીય સમિતિને ૧૧ અને બસપાને ૮ બેઠકોનો અંદાજ મુકાયો છે. આ પોલ મુજબ ભાજપ અને કોંગ્રેસ બાદ અન્નાડીએમકે સંસદમાં ત્રીજો મોટો પક્ષ બની જશે અને પ. બંગાળના મુખ્યમંત્રી શ્રી મમતા બેનરજીના વડપણનો તૃણમુલ કોંગ્રેસ પક્ષ તેની નજીકનો મોટો પક્ષ બનશે પણ યુપીએ ભાજપના સમાજવાદી પક્ષ અને બહુજન સમાજ પક્ષને સૌથી મોટુ નુકશાન થઈ શકે છે. યુપીમાં ભાજપને ૮૦માંથી ૫૬ અને બિહારની ૪૦ માંથી ૨૨ બેઠક મળશે તેવો અંદાજ આ ઓપીનીયન પોલમાં અપાયો છે.

જ્યારે ગુજરાત રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, હરીયાણા, ઝારખંડ પણ ભાજપને જબરો સાથ આપશે.

જો કે આંધ્રમાં ટીડીપી અને વાયએસઆર કોંગ્રેસ વચ્ચે સીમાન્દ્રમાં ટક્કર છે. આસામ અને બંજાબમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે નજીકની લડાઈ હશે. સમગ્ર ચૂંટણીમાં આપને બે બેઠકોનો અંદાજ મુકાયો છે. બીજી તરફ સીએનએન આઈબીએન દ્વારા અગાઉ એનડીએને ૨૭૦-૨૮૨ બેઠકોનો અંદાજ મુકાયો હતો જેણે આ અંદાજ વધારી ૨૭૪-૨૮૬ કર્યો છે.

આનંદો... ચોમાસુ સમયસર આવી પહોંચશે

૧લી જૂને કેરળ અને ૭-૮ જૂનમાં મુંબઈમાં મેઘરાજા એન્ટ્રી મારશે : સીઝનના ઉત્તરાર્ધમાં અલ નીનોથી બચવા ખેડૂતોને અત્યારથી વાવણીની તૈયારી કરવાની હવામાન ખાતાની સલાહ

નવી દિલ્હી, તા. ૧૫

અલ નીનોની અસરથી આ વર્ષે વરસાદ ઓછો પડવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. પરંતુ ચોમાસુ તેના સમયાનુસાર જ એન્ટ્રી કરશે. દક્ષિણ ભારતમાં ૧ જૂનથી ચોમાસુ શરૂ થઈ જશે. હવામાન ખાતાએ ખેડૂતોને વાવણી કરવાની તૈયારી કરવાની સલાહ આપી છે. ઋતુના ઉત્તરાર્ધમાં અલ નીનોની અસરથી બચવા પ્રિ-મોન્સુન વરસાદનો લાભ લેવા ખેડૂતોને કહેવાયું છે.

આ વર્ષે ચોમાસુ સામાન્ય કરતા નબળું રહેવાની આગાહી છે, પરંતુ સમયસર ચોમાસાનું આગમન ખેડૂતો અને શહેરના લોકો માટે રાહત લાવનારૂ સાબિત થશે. ભારતીય હવામાન વિભાગ અનુસાર ચોમાસુ જૂન-સપ્ટેમ્બરમાં સમયસર પહોંચી જશે. ખાનગી હવામાન કંપની સ્કાયમેટ વેધર સર્વિસ અનુસાર ૨૮ મે ની આસપાસ ચોમાસુ કેરળમાં પહોંચી જશે.

સરકારી એજન્સીઓ ઓછા વરસાદની અસરને ઘટાડવા માટે તનતોડ મહેનત કરી રહી છે. નબળા ચોમાસાની સૌથી વધુ અસર ખેતી પર પડે છે, જે ખાદ્ય ફુગાવો પેદા કરે છે. જે ૨૦૦૯માં અલ નીનોને કારણે પડેલા દુષ્કાળ વખતથી ઉંચી સપાટીએ છે.

ભારતીય હવામાન વિભાગના કહ્યા મુજબ ચોમાસાની શરૂઆત સામાન્ય દેખાઈ રહી છે. ભારતના દક્ષિણ કિનારે ૧લી જૂન ચોમાસાના આગમન માટેની સામાન્ય તારીખ છે. સ્કાયમેટના સીઈઓ જતીન સિંઘના જણાવ્યા મુજબ તેઓએ દક્ષિણ અને પશ્ચિમ કિનારે ચોમાસાનુંઆગમન વહેલુ હોવાનું નોંધ્યુ હતું. કેરળમાં ૨૮ મે સુધીમાં, ૭-૮ જૂનના મુંબઈ અને ૨૨૦૨૪ જૂન સુધીમાં નવી દિલ્હીમાં ચોમાસું શરૂ થઈ જવાનું અનુમાન છે. જ્યારે પૂર્વ ભારતમાં મોડો વરસાદ થવાની સંભાવના છે. જો કે ચોમાસુ એકવાર બિહાર વટાવી જશે પછી ઝડપ પકડી લેશે. સીઝનના ઉત્તરાર્ધમાં અલ નીનોનો ઉદ્‌ભવ થવાથી વરસાદ પર અસર થવાનું અનુમાન છે. સપ્ટેમ્બરમાં સામાન્ય ચોમાસાના પરિભ્રમણને કેટલાક સ્વરૂપે અસર કરશે.

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ શ્રીમતી શ્રીદેવી શુક્લ અને શ્રી બી. જી. પંચાસરાને રાજ્ય માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય તરીકે આજે રાજભવન ખાતે હોદ્દાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે રાજ્ય મુખ્ય માહિતી કમિશનર શ્રી ડી. રાજગોપાલન, મુખ્ય સચિવ ડૉ. વરેશ સિંહા, રાજ્ય માહિતી કમિશનર શ્રી બલવંતસિંઘ અને રાજ્ય માહિતી કમિશનર શ્રી વી. એસ. ગઢવી તથા અન્ય વરિષ્ઠ સચિવશ્રીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પરીક્ષા સેન્ટરોમાં ફરજીયાત લોગ બુક રાખવા માટે હુકમ

પરીક્ષાના સમય દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્પેશિયલ ઓબ્ઝર્વર કેન્દ્રો ઉપર હાજર રહેશે

અમદાવાદ, તા.૧૫

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન એન્જીનીયરીંગ, ફાર્મસી, એમબીએ, એમસીએ સહિત વિવિધ વિદ્યાશાખાની કોલેજોનાં સેમેસ્ટરની આગામી ૧૯મી મેથી શરૂ થઈ રહેલ પરીક્ષામાં ગેરરીતિઓ અટકાવવા લગભગ ૧૦૦ પરીક્ષા કેન્દ્રમાં સીસીટીવી કેમેરા સર્વેલન્સ સ્કવોર્ડની મદદ લેવાશે. ઉપરાંત પરીક્ષા ખંડમાં લોગબુક રાખવાનું પણ નક્કી કરાયું છે, જેમાં પરીક્ષાર્થીઓનો રેકોર્ડ રાખવામાં આવશે. પરીક્ષાના સમય દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જીટીયુના સ્પેશિયલ ઓબ્ઝર્વર પરીક્ષા કેન્દ્રો પર ઉપસ્થિત રહેશે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન એન્જીનીયરીંગ, ફાર્મસી, એમબીએ, એમસીએ સહિત વિવિધ વિદ્યાશાખાની કોલેજોનાં સેમેસ્ટરની પરીક્ષા આગામી ૧૯મી મેથી શરૂ થઈ રહી છે. આ પરીક્ષામાં લોગ બુકમાં પરીક્ષાના નિયત સમયગાળા દરમિયાન પરીક્ષાર્થી જેટલી વાર પરીક્ષા ખંડની બહાર જશે અથવા બહારની કોઈ વ્યક્તિ કે પ્રતિનિધી પરીક્ષા ખંડમાં દાખલ થશે તો તેનો સંપૂર્ણ રેકોર્ડ રાખવામાં આવશે. આ ઉપરાંત લગભગ ૧૦૦ પરીક્ષા કેન્દ્રમાં સીસીટીવી કેમેરા સર્વેલન્સ સ્કવોર્ડની મદદ લેવાશે. આ ઓબ્ઝર્વર પરીક્ષાના સમયગાળામાં પરીક્ષા ખંડમાં ઉપસ્થિત રહીને સીસીટીવી કેમેરા યોગ્ય રીતે કાર્યરત છે કે નહીં તેની ચકાસણી કરસે. પરીક્ષા પુરી થયા બાદ ઓબ્ઝર્વર પરીક્ષાની કાર્યવાહી અંગેના સીસીટીવી કેમેરા ફુટેજ લઈને જીટીયુમાં આવશે. જો આ ફુટેજમાં કોઈપણ પરીક્ષા સેન્ટરમાં કોઈ ગફલત થયેલી જોવા મળશે તો આ ફુટેજના આધારે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ સૂત્રો જણાવે છે. ઉલ્લેખનીય છે કે જીટીયુની વિવિધ વિદ્યાશાખાઓની પરીક્ષા આગામી ૧૯મી મેથી બીજી જુલાઈ દરમિયાન યોજાવાની છે જેમાં અંદાજે જીટીયુ સંલગ્ન ૪૫૦ કોલેજોના આશરે પાંચ લાખ વિદ્યાર્થીઓ બેસશે.

શબ્દાવલી - ૫૩૯૫

૧	૨		■	૩	૪		૫
૬		■	૭			■	
૮		■	૯			■	
	■	૧૦	■		■	૧૧	
■	૧૨		૧૩		■		■
૧૪		■		■	૧૫		૧૬
૧૭		૧૮	■	૧૯	■	૨૦	
૨૧			■	૨૨			

આડી ચાવી

૧. ધનવાન, માલદાર (૩)
૩. બ્રાહ્મણ, વિધિ કરનાર ગોર (૪)
૬. લીન, મગ્ન (૨)
૭. સહકારી સહી સિક્કાવાળો અધિકારી પત્ર (૩)
૮. કસ, સત્ત્વ (૨)
૯. વડોદરા (૩)
૧૧. વચન (૨)
૧૨. શમશેર, ખડગ (૪)
૧૪. મલાઇ, દૂધની... (૨)
૧૫. સગવડ (૩)
૧૭. 'ભાસ્કર' શબ્દ આડોઅવળો (૩)
૨૦. ભલે-હશે-ફિકર નહિ જેવો ઉદ્‌ગાર (૨)
૨૧. રામદેવ પીરનું ધામ (૩)
૨૨. દુઃખણા, વારણા (૪)

ઊભી ચાવી

૧. વત્તાકાર, પ્લસ (૪)
૨. મરનાર સંબંધી (૩)
૩. જીર્ણોદ્ધાર (૫)
૪. દુઃખડા રોવા, ... રોવા (૩)
૫. બાજુ, પક્ષ, તરફદારી (૪)
૭. બધા (૨)
૧૦. કપાળ, લલાટ (૨)
૧૧. રમણભમણ, જેમતેમ (૫)
૧૨. વર મરો-કન્યા મરો પણ ગોરનું ... ભરો (૪)
૧૩. ગારૂડી, મદારી (૨)
૧૪. ચોર (૩)
૧૬. મનસુબો, કલ્પના (૩)
૧૮. છુટ્ટી, રવિવારે... (૨)
૧૯. ... મેરે મન ચાહે સૂરજ ચમકે રે ચાહે લગાહો, ગ્રહકા, ગાવાનો હુકમ (૨)

શબ્દાવલી ૫૩૯૪ના જવાબ

આડી ચાવી :- (૧) આખેટ (૪) નીરાજના (૮) ચસકો (૧૦) ખડગ (૧૧) રૂરલ (૧૩) સાવિત્રી (૧૭) કાસળ (૧૮) શ્વાસનળી (૨૦) છાશ (૨૧) ગંગોત્રી (૨૩) નીસરણી (૨૪) ગાળ (૨૫) હાય

ઊભી ચાવી :- (૧) ખેચરૂ (૩) ટસર (૫) રાખ (૬) જડસુ (૭) નાગ (૯) કોલસા (૧૨) આકાશગંગા (૧૪) વિશ્વાશનીય (૧૫) ત્રીસ (૧૬) જાળી (૧૯) નફરત (૨૨) ગોળ

ભાવિ ખુલશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રી આવી રહ્યાં છે, તેનો પણ ગુજરાતમાં ઉત્સવ છે.

લોકસભાની ચૂંટણીના પરિણામો ભાજપ તરફી રહ્યાં તો વડા-ધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી વડોદરા જઈને અમદાવાદમાં જાહેરસભાને સંબોધશે. એ સાથે રાજયભરમાં દિવાળીનો માહોલ સર્જાશે, જિલ્લે જિલ્લે વિજય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં ભાજપે વિજયોત્સવની તૈયારી કરી દીધી છે.

ગુજરાતમાં છેલ્લા બે દિવસથી ભાજપના રાષ્ટ્રીય નેતાઓની આવન-જાવનથી સ્પષ્ટ એવું જણાઇ રહ્યું છે કે પરિણામ પછી એનડીએને સપોર્ટ કરવા બીજી અનેક પાર્ટીઓનેમનાવવામાંઆવી રહી છે, જેમાં -મુખ ભૂમિકા અમિત શાહની છે. પાર્ટીમાં એવુંચર્ચાઇ રહ્યુંછે કે અમિત શાહને પીએમઓમાં મહત્વની જગ્યા મળશે. તેમનું નામ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ માટે તેમજ ગુજરાતના મુખ્યમંત્રી પદ માટે પણ ચર્ચાઇ ગયુંછે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાતના ભાવિ મુખ્યમંત્રી અમિત શાહ નક્કી કરશે, કેમ કે તેમને પૂછ્યા વિના નરેન્દ્ર મોદી આગળ વધશે નહી.

ભાજપ માટે દિલ્હીમાં અને ગુજરાતમાં બન્ને જગ્યાએ અવસર છે. દિલ્હીમાં વડાપ્રધાન અને ગુજરાતમાં મુખ્યમંત્રી નક્કી થવાના છે. હાલ તો -થમ હરોળમાં મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલનું નામ આવે છે પણ તેમના નામનો વિરોધ હોવાનું જણાતા નાણા મંત્રી નિતીન પટેલ, ઉર્જા મંત્રી સૌરભ પટેલ, ભાજપ સંગઠનના અગ્રણી ભીખુભાઇ દલસાણીયા અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ગણપત વસાવાનું નામ ગાજી રહ્યું છે. જો કે મુખ્યમંત્રીના નામની પસંદગી ૧૭મીએ નેશનલ પાર્લામેન્ટ બોર્ડની બેઠકમાં કરવામાં આવશે તેવું પાર્ટી અધ્યક્ષ રાજનાથસિંહ જણાવી દીધું છે.

ગુજરાતમાં રાજનાથસિંહ, અરૂણ જેટલી અને નિતીન ગડકરીના ચક્કરો વધી રહ્યાં છે. હવે પછીના દિવસોમાં દિલ્હી જેટલું જ મહત્વ ગાંધીનગરને મળી શકે છે. પાટનગર નેશનલ લેવલનું એપિસેન્ટર બની ચૂક્યું છે. દિલ્હીમાં હોવા છતાં મોદીની નજર ગુજરાત ઉપર પણ હશે, કારણ કે તેઓને ગુજરાતે સતત ત્રણ ટર્મથી પસંદ કર્યા છે. સૂત્રો કહે છે કે મોદી વારાણસી અને વડોદરા એમ બે જગ્યાએથી ચૂંટણી જીતશે પરંતુ તેઓ વડોદરાની બેઠક ખાલી કરશે, કેમ કે રાષ્ટ્રીય લેવલે પગદંડો જમાવવો હોય તો ઉત્તરપ્રદેશને અવગણી શકાય તેમ નથી.

ગાંધીનગરમાં ગઈકાલે સતત ચાર કલાક સુધી થયેલા મંથનમાં ત્રણ બાબતો ઉડીને સામે આવે છે. એક બાબત ભાજપના સિનિયર નેતાઓ લાલકૃષ્ણ અડવાણી, સુષ્મા સ્વરાજ અને મુરલી મનોહર જોષીને ક્યાં સેટ કરવા તે હતી. બીજી ચર્ચા પરિણામો પછીનું એનડીએ સાથે ગઠબંધન કરવા કઈ કઈ પાર્ટીઓનો એપ્રોચ કરી શકાય તેમ છે તે થઈ છે અને આખરી ચર્ચા મોદીને દિલ્હી આવતા રોકવા કોંગ્રેસ કેવા કેવા પ્રયાસો કરી રહી છે અને તેને ખાળવા માટે શું સ્ટેટેજી બનાવવી તે અંગે પાર્ટીના મોવડીઓએ મનોમંથન કર્યુ છે.

ભાજપ-એનડીએ એકલેહાથે ૨૭૨ની ફિગર ઉપર ન પહોંચી શકે તો શું, ભાજપ-એનડીએને સંપૂર્ણ બહુમત મળે તો કેબિનેટની રચના કેવી કરવી, સહયોગી પાર્ટીઓમાંથી કોને પ્રધાનમંડળમાં સ્થાન આપવું તે અંગે ખૂબ વિસ્તૃત ચર્ચાઓ થઈ છે. મોદી માટે આવતીકાલનો દિવસ અતિ મહત્વનો સાબિત થવાનો છે. જો કે તેમનો જીતનો આત્મવિશ્વાસ એવો છે કે તેમણે પાર્ટીના દિગ્ગજો સામે હારનો સામનો કરવાનો હરફ પણ ઉચ્ચાર્યો નથી. મોદી માટે દિલ્હીમાં ૧૭ રોડમેપ તૈયાર થઈ રહ્યો છે, જો તરફેણમાં પરિણામો આવ્યા તો મોદી ૨૦ મે ના રોજ વડાપ્રધાન થઈ શકે છે. બીજી તરફ ગુજરાતમાં ૧૮ નવા મુખ્યમંત્રીની શપથવિધિ યોજાય તેવી પ્રાથમિક ચર્ચા છે.

કરાઈ કેનાલમાં ઝંપલાવી ૨૪ વર્ષીય યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક કરાઈ નર્મદા કેનાલ પાસેથી પેટ્રોલીગમાં નીકળેલા કેનાલ સિક્યુરિટી ગાર્ડને ગઈ સમી સાંજે કેનાલના પાણીમાંથી એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા તેને ડભોડા પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા આ મૃતદેહ અમદાવાદના ગોરધનભાઈની ચાલી વિસ્તારમાં રહેતા ૨૪ વર્ષીય -કાશ પરશોત્તમભાઈ પરમાર નામના યુવાનનો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તેના પરિવારજનોને બોલાવીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોત નો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. હજુ સુધી આપ્ઘાતનું કારણ મળ્યું નથી.

ઘણી જગ્યા પર લાયસન્સ વિના નોન વેજ લારી સક્રિય

અમદાવાદ, તા.૧૪

૫૦૦થી વધુ ચિકનની દુકાનો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં દિવસને દિવસે ગલીઓમાં ખાણીપીણીનો ધંધો શરૂ થઈ ગયો છે. લોકો ગમે ત્યાં ટેબલ રાખીને, ટેમ્પા રાખીને કે લારીઓ નાંખીને કમાવવા લાગ્યા છે પરંતુ ધીરે ધીરે રહેણાંક વિસ્તારોમાં ચિકનની લારી-દુકાન વાળાઓ પોતાનું વર્ચસ્વ જમાવતાં ગયા છે. જેનાથી નાગરીકો હેરાન-પરેશાન થઈ ગયા છે. કોર્પોરેશનમાં આ અંગે ફરીયાદ કરી છતાં કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

મેગા સીટી અમદાવાદમાં જ્યાં જુઓ ત્યાં લોકોએ ખાણીપીણીના ધંધા ચાલુ કરી દીધા છે જે ચલાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી હેલ્થ લાઈસન્સ લેવું પડે છે પરંતુ આ બધાં નિયમો ફક્ત મ્યુનિસિપલ કોર્પોરેશનના ચોપડે જ રહી ગયા છે કેમ કે શહેરમાં ઘણી બધી દુકાનો, લારીઓ હેલ્થ લાયસન્સ વિના ચલાવી રહ્યા છે. હેલ્થ લાયસન્સ વિના દુકાનમાં વધારાનો સામાન પણ રાખી શકાતો નથી. પરંતુ હાલમાં ગેરકાયદેસર હોટલ, રેસ્ટોરેન્ટ, દુકાનો જોરદાર ચાલી રહ્યા છે. અત્યારે રહેઠાંણવાળા વિસ્તારમાં ચિકનની દુકાનો ખૂલી જતાં જે તે વિસ્તારમાં રહેતાં રહીશો ત્રાહીમામ થઈ ગયા છે. શહેરમાં આશરે ૫૦૦થી વધુ ચિકનની દુકાનો, લારીઓ આવેલી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન સમક્ષ આ બાબતે રજુઆત કરવા છતાં તેઓ આંખ આડા કાન કરી રહ્યા છે તેમના દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી. જો કે, આ અંગે મધ્યઝોનના હેલ્થ વિભાગના ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે લાઈસન્સધારક દુકાનદાર વિરૂદ્ધ કોઈ પગલાં ભરી શકાશે નહીં પરંતુ જો કોઈ ગેરકાયદે ચિકનની દુકાન હશે તો તેની સામે ચોક્કસ કાર્યવાહી કરવામાં આવશે.

મોદીએ ભારતીય માટે સ્માર્ટ ફોન એપ્લીકેશન લોન્ચ કર્યું

યુવાનો પસંદગીની જગ્યામાં ભરતી માટે પોતાની લાયકાત કારકિર્દીનું આગોતરૂ આયોજન અત્યારથી જ કરી શકશે

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી નેરન્દ્રભાઈ મોદીએ આજે ગુજરાત સરકારમાં આગામી દશ વર્ષ માટે વર્ષવાર દરેક વિભાગમાં ઉપલબ્ધ થનારી જગ્યાઓની ભરતી અને તેના માટે જરૂરી લાયકાતની માહિતી આપતું JOBS IN GUJARAT GOVERNMENT એન્ડ્રોઈડ એપ લોન્ચ કર્યું હતું.

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે, મુખ્યમંત્રીના પ્રેરક માર્ગદર્શનથી આગામી દશ વર્ષ માટે રાજ્ય સરકારના દરેક વિભાગમાં વર્ષવાર જુદી જુદી તમામ જગ્યાઓની ભરતી માટેની સંખ્યા અને લાયકાતોની પ્રક્રિયા સુનિશ્ચિત કરી દીધી છે અને સ્ટેટ ગર્વમેન્ટ રિક્રુટમેન્ટ કેલેન્ડર બનાવ્યું છે તેના અનુસંધાને સરકારના દરેક વિભાગમાં દરવર્ષે ખાલી જગ્યાઓ અને નવી ભરતી કેટલી સંખ્યામાં ક્યારે થશે અને તે માટે ક્વી લાયકાત જરૂરી હશે તેની વિગતો આ મોબાઈલ સ્માર્ટફોન એન્ડ્રોઈડ એપ Jobs in GOG માં દર્શાવવામાં આવી છે.

સમગ્ર દેશમાં અભૂતપૂર્વ વહીવટી સુધારણાની આ નવતર પહેલરૂપે રાજ્ય સરકારની સેવાઓમાં તમામ વિભાગવાર વિવિધ જગ્યાઓ ઉપર વર્ષવાર ભરતીની આ સુનિશ્ચિત વિગતો યુવાનોને સરળતાથી એમ-ગર્વનન્સ માટે ઉપલબ્ધ કરનારા મુખ્યમંત્રીએ એપ્લીકેશન લોંચ કરતા જણાવ્યું હતું કે આગામી દશ વર્ષો સુધી સરકારના વિભાગોમાં જે ભરતી થવાની છે તેની અત્યારથી જગ્યા મેળવવા વ્યવસાયી-અભ્યાસ-તાલીમ કારકિર્દીનું આયોજન કરીને જે તે વર્ષમાં પોતાની લાયકાત સાથે સ્પર્ધાત્મક ભરતીમાં સુસજ્જ બની શકશે. ઉદાહરણરૂપે સને ૨૦૧૯માં રાજ્યમાં કેટલા શિક્ષકોની કે નાયબ કલેક્ટરોની ભરતી થશે તેની વિગતો અત્યારતી ઉફલબ્ધ થઈ છે તેથી જેમને શિક્ષક કે નાયબ કલેક્ટર બનવું હોય તે અત્યારથી પોતાની કારદિર્દીનું આયોજન કરી શકશે. આ સુવિધા રાજ્ય સરકારના દરેક વિભાગોમાં બધી જ ભરતીની જગ્યાઓ માટે વર્ષવાર દશ વર્ષ માટે ઉપલબ્ધ કરવામાં આવી છે.

ચૂંટણીને લગતી થયેલી ૫.૬ કરોડ ટ્વિટમાંથી પાંચમા ભાગમાં મોદીનું નામ

ગાંધીનગર, તા. ૧૫

લોકસભા ચૂંટણીનું પરિણામ શુક્રવારે બહાર પડશે પરંતુ મોદીએ સોશિયલ મીડિયાની દુનિયા પર સરળતાથી વિજય હાંસલ કર્યો, ચાલુ વર્ષે ચૂંટણીને લગતી થયેલી ૫.૬ કરોડ ટ્વિટમાંથી પાંચમાં ભાગની ટ્વિટમાં મોદીના નામનો ઉલ્લેખ થયો હતો. એટલે કે દર પાંચ ટ્વિટમાંથી એક ટ્વિટમાં મોદીના નામનો ઉલ્લેખ હતો. જાન્યુઆરી અને ૧૨ મે સુધી ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવારનો ૧.૧૧ કરોડ ટ્વિટમાં ઉલ્લેખ થયો હતો. તેમના પક્ષનો અન્ય ૬૦ લાખ ટ્વિટમાં ઉલ્લેખ થયો હતો. આની સામે કોંગ્રેસ અને રાહુલ ગાંધીનો ઉલ્લેખ કુલ ૪૦ લાખ ટ્વિટમાં થયો હતો. ટ્વિટર પર માત્ર અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી મોદીની મુખ્ય હરીફ રહી હતી. સોશિયલ મીડિયા એગ્રીગેશન સાઈટ સીમ્પલીફાય-૩૬૦ એ દેશના ત્રણ મુખ્ય શહેરોમાં સોશિયલ મીડિયા એક્ઝીટ પોલ હાથ ધર્યો હતો. જે મુજબ ભાજપ દિલ્હીમાં સાતમાંથી છ, મુંબઈમાં સાતમાંથી પાંચ અને બેંગ્લોરમાં ચારમાંથી ત્રણ બેઠકો જીતશે.

અષાઢી માહોલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારે નુકશાન પણ થયુંહતું. ત્યારે આજે ગુરૂવારે પાટનગર ગાંધીનગર સહિત શહેરના આસપાસના વિસ્તારમાં અચાનક જ વાતાવરણમાં જોરદાર પલ્ટો આવ્યો હતો. સમી સાંજે ૬.૩૦ વાગ્યાના સુમારે અચાનક ધડાકા ભડાકા સાથે અને ગાજવીજ સાથે ખતરનાક ગતિએ પવન ફૂંકાયો હતો. આથી વાતાવરણમાં ઠેર ઠેર ધૂળની ડમરીઓ સર્જાઈ હતી. અને હવામાં અનોખી માટીની મહેંક પ્રસરી જવા પામી હતી.

સમી સાંજે હવામાન બદલાતા ક્યાંક ક્યાંક વરસાદના છાંટણા પણ થયા હતા. દિવસ ભરની કાળઝાળ ગરમી બાદ સાંજે અનોખી ઠંડક પ્રસરી જતા શહેરીજનો ઠંડકની અનુભૂતિ કરવા બહાર નિકળી ગયા હતા.

હવામાનમાં આવેલા આ પલ્ટાના કારણે વાહનચાલકો ભારે પરેશાન થઈ ગયા હતા. જોરદાર સૂસવાટા સાથે પવન ફૂંકાતા વરસાદનું પણ આગમન થયું હતું અંતે દિવસભરની કાળઝાળ ગરમીથી શહેરીજનોએ હાંસકારો અનુભવ્યો હતો.

એસીબી સોશીયલ મીડીયાનો વધુ ઉપયોગ કરવા માટે સજ્જ

અમદાવાદ, તા.૧૫

એન્ટી કરપ્શન બ્યુરોએ હવે સોશિયલ મિડિયાનો વધુ ઉપયોગ કરવા માટે કમર કસી દીધી છે. અપરાધી તત્વોને પકડી પાડવા માટે આધુનિક ઉપકરણો વસાવી લેવામાં આવ્યા છે. એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા હવે સોશિયલ મિડિયાની ઝુંબેશના ભાગરુપે વેબસાઈટનું લોન્ચિંગ કરાતા નવી આશા જાગી છે. લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોની કામગીરીથી જાહેર જનતા વાકેફ થાય અને ભ્રષ્ટાચાર વિરૂદ્ધ ફરિયાદ કરવા આગળ આવે તે માટે લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોએ પ્રાચર-પ્રસારના માધ્યમોથી લોકો સુધી પહોંચવાનો પ્રયત્ન કર્યો છે.

રાજ્યમાં વિજયોત્સવ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આભાર વ્યક્ત કરશે અને સમગ્ર રાષ્ટ્રને અમદાવાદથી સંબોધન કરશે તેમ જાણવા મળે છે. ભાજપના ટોચના સુત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ ચૂંટણી પરીણામમાં ભાજપ-એનડીએની સરકાર બનશે તેવા ઉજળા સંજોગો દેખાઈ રહ્યા છે. અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બનશે ત્યારે ગુજરાત પ્રત્યે તેમનો લગાવ અને તેમની રાજકીય સફર ગુજરાતમાંથી જ શરૂ થઈ હોવાથી નરેન્દ્ર મોદી જીત્યા બાદ અમદાવાદમાં એક સભા યોજી દેશની જનતાને સંબોધન કરશે. નરેન્દ્ર મોદીની સભા ક્યાં યોજવી તે અંગે હાલ કોઈ ચોક્કસ સ્થળ નક્કી થયું નથી પરંતુ ધરણીધર દેરાસર, ખાનપુર વિજય ચોક અથવા તો સરદાર પટેલ સ્ટેડીયમ પૈકી કોઈ એક સ્થળની પસંદગી કરવામાં આવશે. આ ઉપરાંત વડોદરા ખાતે પણ સભા યોજાય તેવી પણ શક્યતાઓ જોવાઈ રહી છે. જેમાં અમદાવાદના ધરણીધર દેરાસર પાસેના વિસ્તારની પસંદગી થાય તેવી શક્યતા વધુ હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. દરમ્યાન તા. ૧૬મી મેના રોજ ચૂંટણી પરીણામ જાહેર થનાર હોવાથી નરેન્દ્ર મોદીનો કાર્યક્રમ ખૂબ જ વ્યસ્ત અને ભરચક રહેશે. એક તબક્કે તેમનો વારાણસી પ્રવાસ પણ ગોઠવાઈ રહ્યો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. મોદી માટે વિશેષ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

આજે મતગણતરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને વિશ્વના મીડીયાની નજર કેન્દ્રિત થઈ છે. ચૂંટણી પરીણામમાં ભાજપને બહુમતિ મળશે તો નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે તેવી ઉજળી શક્યતાઓને ધ્યાનમાં રાખી ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં જબરજસ્ત વિજયોત્સવ મનાવવાની તૈયારી કરી દેવામાં આવી છે. તેના પગલે પરીણામ જાહેર થયા બાદ નરેન્દ્ર મોદી વડોદરા તથા અમદાવાદમાં સભા સંબોધી મતદારોનો આભાર વ્યક્ત કરશે. લોકસભાની કુલ નવ તબક્કામાં યોજાયેલી ચૂંટણીના આવતીકાલે જાહેર થનારા પરીણામને અનુલક્ષીને ગુજરાત સહિત સમગ્ર દેશમાં ભારે ઉત્તેજનાનો માહોલ સર્જાયો છે. દેશમાં શાંતિપૂર્વક સંપન્ન થયેલી લોકસભાની ચૂંટણીમાં આ વખતે મતદાનની ટકાવારી ઉંચી રહી હોવાથી પરીણામો પર તેની અસર જોવા મળશે તેવી અટકળો વચ્ચે ભાજપના વિજયની આશા જન્મી છે. અને બીજી તરફ કોંગ્રેસે પરોક્ષરીતે પરીણામ જાહેર થાય તે પહેલા જ પરાજય સ્વીકારી લીધો છે